Letter No: SJED/0473/05/2024 Dt: 03-06-2024

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળના સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) સંવર્ગની કેડર સ્ટ્રેન્થ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/1918/A Section
તા.૩૧/૦૫/૨૦૨૪

**વંચાણે લીધા:**

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૮/૨૦૨૩ નો સમાનાંકી ઠરાવ

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૩/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/E-file/17/2023/3271/A section

૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૩/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/E-file/17/2023/3267/A section

૪. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૩/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/E-file/17/2023/3525/A section

૫. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૦૩/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/E-file/17/2023/3518/A section

૬. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૫/૦૧/૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંક: જીએચએલ/૨૦૧૫/૧/એસએસપી/૧૫૨૦૦૮/૫૨૮૩૫૭/અ

૭. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૧/૨૦૦૯ અને તા.૩૦/૦૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ એસએનઆર/૧૦૨૦૦૮/૪૮૭૪૩૧/ગ.૫

૮. સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ એસએનઆર/૧૦૨૦૦૮/ ૪૮૭૪૩૧/(૧)/ ગ.૫.

**આમુખ:**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) સંવર્ગનું સંખ્યાબળ (Cadre Strength) કુલ-૪૬ નિયત કરવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) થી (૫) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ સંવર્ગની કુલ સાડત્રીસ (૩૭) નવી જગ્યાઓ ઊભી કરવામાં આવેલ છે. જે અન્વયે સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ ના સંખ્યાબળમાં ફેરફાર કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૬) પરના જાહેરનામાથી સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ સંવર્ગના ભરતી નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ ભરતી નિયમો અનુસાર બઢતી અને સીધી ભરતીનો રેશીયો ૪:૧ નિયત કરવામાં આવેલ છે. તદ્અનુસાર પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) સંવર્ગના સંખ્યાબળ (Cadre Strength) માં સુધારો કરી, આથી ૪૬+૩૭= ૮૩ નિયત કરવામાં આવે છે. તે પૈકી બઢતીના ફાળાની ૬૬ જગ્યા અને સીધી ભરતીના ફાળાની ૧૭ જગ્યાઓ નિયત કરવામાં આવે છે.

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૭) અને (૮) ના ઠરાવથી પ્રવરતા નક્કી કરવા તથા પ્રવરતા યાદી પ્રસિદ્ધ કરવા અંગેની સ્વયંસ્પષ્ટ સૂચનાઓ ધ્યાને લઇ, આ સંવર્ગની પ્રવરતા ગોઠવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૨૭/૦૫/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

File No: SJED/EOD/e-file/17/2023/1918/A Section
Approved By: Additional Chief Secretary,SJED

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 03-Jun-2024 (05:52 PM)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Letter No: SJED/0473/05/2024 Dt: 03-06-2024

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 03-Jun-2024 (05:52 PM)

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના</u>:-

- માન. મંત્રીશ્રી (સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા. ક. મંત્રીશ્રી (સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૨, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)
- સેક્શન અધિકારીશ્રી, ગ-૫ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ/- સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂં...
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૪